**સોગંદ આપ્યા.....**

**સામા.નં.૬ અફસાનાબેન અકીલભાઈ ડો.ઓ. ઈબ્રાહીમભાઈ પઠાણની આંક–૨૩ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એલ.જી. સોનગ્રા**

(૧) હું સાત ધોરણ ભણેલ છું. મે મારી સરતપાસનું સોગંદનામું વાંચેલ છે. એ વાત ખરી નથી કે મે સોગંદનામા પર ખોટી હકીકત જાહેર કરેલ છે. રુબીનાબેન મારી ભાભી થાય છે. ઈકબાલભાઈ મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે રુબીનાબેન અને ઈકબાલભાઈના લગ્નમાં હું ગયેલી. એ વાત ખરી નથી કે અરજદારના બીજા લગ્ન સમયે અરજદાર પોતાના પહેલા લગ્નનો કરીયાવર તથા બીજા લગ્ન સમયે અરજદારના પિતાએ આપેલ કરીયાવર લઈને સામાવાળા નં. ૧ ના સાથે રહેવા આવેલા. એ વાત ખરી નથી કે આ તમામ કરીયાવરનો સામાન સામાવાળા નં. ૧ પાસે પડેલ છે.

સવાલ :– તમે આ કરીયાવરનો સામાન અરજદારને પરત કરેલ નથી?

જવાબ :– અરજદાર કોઈ કરીયાવર લઈને આવેલ જ નથી તો પરત કયાંથી કરીએ.

એ વાત ખરી છે કે હું મારા પીયરમાં જાવ છું. હું વર્ષે દોઢ વર્ષે એકવાર જાવ છું. હું મારા માતા પિતા સાથે અવારનવાર નહીં પરંતુ કોઈક વાર ટેલીફોન પર વાતચીત કરું છું. એ વાત ખરી નથી કે સામાવાળા નં. ૨ થી ૬ નાએ અરજદારને હેરાન પરેશાન કરેલ છે. એ વાત ખરી છે કે રુબીનાબેન બંન્ને હાથે અપંગ છે. એ વાત ખરી છે કે રુબીનાબેન બે હાથે અપંગ છે તેની અમારા બંન્ને કુટું બને લગ્ન સમયે જાણ હતી. એ વાત ખરી છે કે રુબીનાબેન કાંઈ કામકાજ કરી શકતા નથી. એ વાત ખરી છે કે રુબીનાબેન કંઈ કમાતા નથી.

સવાલ :– તમો સામાવાળાઓએ અરજદાર બંન્ને હાથે અપંગ હોવાથી કામકાજ કરતા ન હોય તેથી અરજદાર રસોઈ સારી બનાવતા નથી અને કામકાજ કરતા નથી તેવું નાની નાની બાબતોમાં મેણાટોણા મારી શારીરીક માનસિક ત્રાસ આપતા હતા?

જવાબ :– ખોટી વાત છે.

એ વાતની મને જાણ નથી કે અરજદારની તથા તેના પુત્રની ખાધાખોરાકીની કોઈ વ્યવસ્થા અમો સામાવાળાઓએ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમે સામાવાળાઓ આખા કુટુંબે ભેગા મળીને અરજદારને મારઝુડ કરીને કાઢી મુકેલા.

સવાલ :– તે સમયે રુબીનાબેને ૧૮૧ પર ફોન કરીને તમારા ઘરે પોલીસની ગાડી પણ બોલાવેલી?

જવાબ :– ઈકબાલભાઈના ઘરે આવી હોય તો તેની મને ખબર નથી અને અમારા ઘરે આવી નથી.

એ વાત ખરી નથી કે ૧૮૧ની પોલીસની ગાડી આવતા અમો સામાવાળાઓએ અને અરજદારે સમાધાન કરતા અરજદાર સાસરીમાં રોકાયેલા. એ વાત ખરી છે કે મને એ વાતની ખબર નથી કે બીજા દિવસે ઈકબાલભાઈએ અરજદાર તથા તેના પુત્રને પહેરેલ કપડે મારઝુડ કરી કાઢી મુકેલા.

સવાલ :– અરજદાર અને તેના પુત્રને સામાવાળા નં. ૨ થી ૬ તેડી જવા તૈયાર છે?

જવાબ :– અલગ રહે છે તો તેના પતિને તેડવી હોય તો અમારી હા પણ નથી અને ના પણ નથી.

સવાલ :– અરજદારને રહેઠાણની કોઈ વ્યવસ્થા તમોએ કરેલ નથી?

જવાબ :– અરજદારની અલગ રહેઠાણની વ્યવસ્થા સામાવાળા નં. ૧ ની સાથે કરેલ જ છે અને અરજદાર કયારે પાછા આવતા રહયા તેની ખબર નથી અને અરજદારની પાછા આવ્યા પછી વ્યવસ્થા તેના પતિ કરે.

એ વાત ખરી છે કે અમે હળવદ મુકામે અરજદારની રહેઠાણની વ્યવસ્થા કરી આપેલ નથી. એ વાત

ખરી છે કે અત્યારે રુબીનાબેન તથા તેમના પુત્ર હળવદ મુકામે રહે છે તેની જાણ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેસ થયા પછી અમને જાણ થયેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે સામાવાળાઓએ અરજદાર અને તેના પુત્રએ માંગ્યા મુજબનું ભરણોપોષણ ચુકવવા માટે સક્ષમ છીએ. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

ફેરતપાસ નથી.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૦૩/૦૭/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ